# મોડાસામાં જિલ્લાના પ્રજાકીય પડતર પ્રશ્નો માટે ત્રીજીએ સમીક્ષા બેઠક

મોડાસા, તા. ૩૧

અરવલ્લી જિલ્લાના પ્રભારી મંત્રી રમણલાલ પાટકર આગામી તા.૩જી ઓગસ્ટના રોજ ત્રણ તાલુકાઓના પ્રજાના પ્રશ્નો અને ફરિયાદોનું નિરાકરણ લાવવા માટે અધિકારીઓ સાથે બેઠકો યોજી સમીક્ષા કરશે.

આ મુલાકાત દરમ્યાન ભિલોડા મામલદાર કચેરીના સભાખંડમાં ૯.૩૦ કલાકે જ્યારે મેઘરજ ખાતે આટર્સ એન્ડ કોમર્સ કોલેજ મેઘરજનો હોલ સમય ૩ કલાકે તથા તાલુકા પંચાયત, માલપુરનો સભાખંડ, સમય ૪ કલાકે, અધિકારીઓ સાથર પ્રજાના પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવશે.

અરજદારોએ પોતાના પ્રશ્નો વિભાગના અધિકારીઓને તાલુકાવાર મોકલી આપવા જણાવાયું છે. જેથી કરીને પ્રશ્નોનું નિરાકરણ પ્રભારીમંત્રીની રૂબરૂમાં હલ કરી શકાય. લોકોના પડતર પ્રશ્નો અને ફરિયાદો માટે ભિલોડા તાલુકાના મામલદાર કચેરીના, સભાખંડમાં રજુ કરી શકાશે. જ્યારે મેઘરજ આટર્સ એન્ડ કોમર્સ કોલેજ મેઘરજના હોલ ખાતે પ્રશ્નો અને ફરિયાદો જયારે માલપુર તાલુકા પંચાયત માલપુરનો સભાખંડ કચેરી ખાતે. પોતાના પ્રશ્નો અને ફરિયાદો રજુ કરી શકાશે. આમ પોતાના પ્રશ્નો અને ફરિયાદો જે તે તાલુકામાં મંત્રી દ્વારા પ્રશ્નો નિરાકરણ કરવામાં આવશે. તેમ મીડિયા ઈન્ચાર્જ પ્રભુદાસ પટેલે માહિતી આપતાં જણાવ્યું હતું.

# અંગારકી સંકષ્ટ ચતુર્થીએ મંદિરોમાં શ્રદ્ધાળુઓ ઉમટ્યા

## મંદિરો ઓમ ગં ગણપતયે નમઃ નાદથી ગુંજી ઉઠયા : લાલદરવાજા, ગણપતિપુરા, મહેમદાવાદ સિધ્ધિવિનાયક સહિત ગણેશ મંદિરોમાં શ્રદ્ધાળુઓની દર્શન માટે પડાપડી

અમદાવાદ, તા.૩૧

દરેક શુભ કાર્યની શરુઆત જેમના



સ્મરણથી થાય છે તેવા વિઘ્નહર્તા ભગવાન ગણેશજીની કૃપા મેળવવાના અંગારકી સંકષ્ટ ચતુર્થી દિને આજે અમદાવાદ શહેર સહિત રાજયભરના ગણેશમંદિરોમાં લાખો શ્રધ્ધાળુ ભકતોનું ઘોડાપૂર ઉમટયું હતું. આજે મંગળવાર અને અંગારકી ચતુર્થીનો અનોખો સંયોગ બન્યો હોઈ ગણેશભકતોમાં ભારે ઉત્સાહ અને ભકિતનો માહોલ છવાયો હતો. તો, ગણપતિદાદાને આજે અંગારકી સંકષ્ટ ચતુર્થીને લઈ મોદક, લાડુ સહિતની પ્રસાદીનો ભોગ ધરાવાયો હતો. શહેરના લાલદરવાજા ખાતેના સિધ્ધિ વિનાયક મંદિર, ધોળકા તાલુકાના કોઠ ગામે ગણપતિપુરા ખાતેના સુપ્રસિધ્ધ ગણપતિ મંદિર, મહેમદાવાદના સિધ્ધિવિનાયક, વસ્ત્રાપુરના ગણપતિ મંદિર, શાહીબાગના ગણેશ મંદિર સહિત રાજયભરના ગણપતિ દાદાના મંદિરોમાં આજે ગણેશજી ભગવાનનો વિશેષ સાજ શણગાર કરવામાં આવ્યો હતો. તો, મંદિરને પણ શણગારવામાં આવ્યા હતા, જેને લઈ ભકતોનું આકર્ષણ વધ્યું હતું. અંગારકી ચોથને લઈ આજે ગણેશજી મંદિરોમાં વિશેષ પૂજા-અર્ચના, હોમ-હવન અને મહાઆરતીનું ખાસ આયોજન કરવામાં આવ્યું હતું. મોડી રાત સુધી ગણેશભકતોએ દાદાના દર્શન માટે પડાપડી કરી હતી. ધોળકાના તાલુકાના કોઠ ગામે સ્થિત ગણપતિ મંદિર ખાતે તો અંગારકી ચોથને લઈ અઢીથી ત્રણ લાખ શ્રધ્ધાળુ ભકતો વહેલી સવારે ચાર વાગ્યાથી ઉમટયા હતા અને મોડી સાંજ સુધી ભકતોએ લાંબી લાઈનોમાં કલાકો સુધી ઉભા રહી દાદાના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

# ભિલોડાની આર.જે. તન્ના પ્રેરણા મંદિરમાં એન.એસ.એસ. સ્વયંસેવકો દ્વારા વૃક્ષારોપણ



ભિલોડા, તા. ૩૧

ભિલોડાની આર.જે. તન્ના પ્રેરણા મંદિરમાં એન. એસ. એસ.ના તમામ સ્વયંસેવકો દ્વારા શાળા કેમ્પસમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું. સ્વયંસેવકોએ વૃક્ષારોપણ કર્યા બાદ તેની જાળવણી કરવાની જવાબદારી સ્વીકારી હતી. વૃક્ષારોપણની કામગીરી શાળાના એન. એસ. એસ. પ્રોગ્રામ ઓફિસર એચ.જે. ભાવસારે કરી હતી. શાળાના આચાર્ય, સુપરવાઈઝર તેમજ સ્ટાફ મિત્રોએ સ્વયંસેવકોને વૃક્ષોની જાળવણી કરવી એ આપણી નૈતિક ફરજ છે એવી શીખ આપી હતી. આ પ્રસંગે શાળાના આચાર્યએ જણાવ્યુ હતુ કે એન.એસ.એસ.ના સ્વયંસેવક તરીકે સમાજમાં પણ વૃક્ષોની જાળવણી થાય અને વૃક્ષારોપણને પ્રોત્સાહન મળે તેવી કામગીરી કરવી જોઈએ તેવી સમજ આપી હતી.

# પ્રાંતિજના ઓરાણ પેટ્રોલપંપ ખાતે શૌચાલયની સુવિધાઓનો પ્રારંભ

## સ્વચ્છ ભારત અંતર્ગત એચ.પી.સી.આઇ.કંપની દ્વારા પ્રારંભ

પ્રાંતિજ, તા. ૩૧

સાબરકાંઠા જિલ્લાનાં નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ પ્રાંતિજના ઓરાણ પાટીયા પાસે




પેટ્રોલ પંપ ઉપર સોમવારે સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત એચ.પી.સી.આઈ કંપની દ્વારા શૌચાલયની સુવિધાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે વડવાસાના વિકલાંગ અરૂણ દરજી, એચ.પી.સી.આઈ કંપનીના અધિકારી પદમેશ શુક્લા, એરીયા સેલ્સમેન શેમીલ ગુપ્તા, વડવાસા સરપંચ મનુભાઈ, સંજય પટેલ સહિત વગેરે ઉપસ્થિત રહ્યાં હતા. પેટ્રોલ પંપના કમ્પાઉન્ડને ચોખ્ખુચણાક બનાવી દેવામાં આવ્યું હતું.

# પાલનપુર ખાતે જિલ્લાકક્ષાનો કલા મહાકુંભ ઉત્સાહપૂર્વક યોજાયો

પાલનપુર, તા. ૩૧

કમિશનરશ્રી યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગાંધીનગર તથા જિલ્લા રમત ગમત અધિકારી, પાલનપુરની કચેરી દ્વારા જિલ્લાકક્ષાનો કલા મહાકુંભ તા. ૨૭ જુલાઈના રોજ શ્રી કાનુભાઈ મહેતા હોલ, વિધામંદિર, પાલનપુર ખાતે યોજાયો હતો. કલા મહાકુંભની વિવિધ કૃતિઓમાં ૧૨૫૦ જેટલાં કલાકાર ભાઈ-બહેનોએ ભાગ લઈ પોતાની કૃતિ દ્વારા કલા રજુ કરી હતી. જેમાં જિલ્લાકક્ષાએ પ્રથમ નંબર પ્રાપ્ત કરનાર સ્પર્ધકો હવે આગામી સમયમાં રાજયકક્ષાએ ભાગ લેશે. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન બનાસકાંઠા જિલ્લા રમત ગમત અધિકારી મુકેશકુમાર ઘોયા દ્વારા કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે રાષ્ટ્રીય કારોબારી સભ્ય યુવા ભાજપ અને ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણના સિન્ડીકેટ મેમ્બર હિતેષભાઈ ચૌધરી, જિલ્લા પ્રા. શિક્ષણાધિકારી ડૉ. દિપકભાઈ દરજી, જિલ્લા રમત ગમત અધિકારી મુકેશકુમાર ઘોયા, વિધામંદિર સંકુલના નિયામક ડૉ. હસમુખભાઈ મોદી, સ્વામી વિવેકાનંદ યુવા વિકાસ કેન્દ્રના ચેરમેન ગૌરાંગભાઈ પાધ્યા અને મંત્રી કનકસિંહ સોલંકી, નાયબ જિ.પ્રા. શિક્ષણાધિકારી મુકેશભાઈ ચાવડા સહિત અધિકારીઓ, અગ્રણીઓ અને સારી સંખ્યામાં સ્પર્ધકો ઉપસ્થિત રહ્યા હતા.

**જન્મદિનની શુભેચ્છા**



લાભશંકર સી. રાવલ
જન્મ. તા. ૧-૮-૧૯૪૧
ફોન : ૨૩૨ ૩૪૫૩૫

**કંપની સમાચાર**

## પિયાજીઓ ઈન્ડિયાના આઈકોનિક વેસ્પા અને સ્પોર્ટી ફન એપ્રિલીયાના નવા શૉરૂમનો અમદાવાદમાં આરંભ

પિયાજીઓ વ્હીકલ્સ પ્રા.લિ.એ તેના આઈકોનિક વેસ્પા અને સ્પોર્ટી એપ્રિલીયાના નવા શૉરૂમનો આજે અમદાવાદમાં આરંભ કર્યો છે. નવા શૉરૂમમાં વેસ્પા અને એપ્રિલીયા એસઆર રેન્જની વિવિધ પ્રોડક્ટ્સ ઉપલબ્ધ છે.

અમદાવાદના એસજી હાઈવે, થલતેજ પર ટિટેનિયમ સ્કવેરમાં એન્ઝેન ઓટોમેટિવ નામની નવી ડિલરશીપનો શૉરૂમ ૧૫૯૮ સ્કવેર ફીટમાં પથરાયેલો છે. નવા શૉરૂમની ડિઝાઈન બ્રાન્ડસના ઈટાલિયન વારસાને સુંદર રીતે વ્યક્ત કરે તે રીતે તૈયાર કરવામાં આવી છે. શ્રેષ્ઠ ગ્રાહક સેવા, ગુણવત્તા અને અનુભવ સાથે સુસજ્જ એવી આ ડિલરશીપ ગુજરાતના મહત્તમ ગ્રાહકો સુધી પહોંચવા પ્રતિબદ્ધ છે.

પિયાજીઓ ઈન્ડિયાના સીઈઓ ડિયેગો ગ્રાફીએ આ પ્રસંગે જણાવ્યું કે, નવી ડિલરશીપમાં ગ્રાહકોને વેસ્પા અને એપ્રિલીયા બ્રાન્ડસની શ્રેણીના વેચાણો અને ગ્રાહક સેવાના સંદર્ભમાં અસાધારણ અનુભવ મળશે.

એન્ઝેન ઓટોમોટિવના પ્રોપાઈટર ચિન્મય બાફના અને શ્રીમતી એકતા બાફનાએ આ પ્રસંગે જણાવ્યુ હતુ કે અમને પિયાજીઓ સાથે સંકળાતા અને તેમની વિશ્વ કક્ષાની પ્રીમિયમ પ્રોડક્ટસ અમારા માનવંતા ગ્રાહકોને ઓફર કરતા ઘણો આનંદ થાય છે.

# અરવલ્લી જીલ્લા કલેકટર એમ.નાગરાજન મિશન વિદ્યા કાર્યક્રમ અંતર્ગત ભેરૂંડા પ્રા.શાળાની મુલાકાતે



મોડાસા, તા. ૩૧

ગુજરાત રાજ્ય સરકાર દ્વારા બાળકોના પ્રાથિમિક શિક્ષણ માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવા છતાં પ્રાથિમક શાળાઓમાં શિક્ષણનું સ્તર કથળતા અને બાળકોને લેખન, વાંચન અને ગણનમાં પણ મુશ્કેલી પડતા રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા મિશન વિદ્યા પ્રોજેક્ટ ૨૬ જુલાઈથી અમલમાં લાવવામાં આવ્યો છે. અરવલ્લી જીલ્લામાં મિશન વિદ્યા અંતર્ગત કામગીરી નિહાળવા જીલ્લા કલેકટર એમ.નાગરાજન મોડાસા તાલુકાની ભેરૂંડા પ્રા.શાળાની મુલાકાત લીધી હતી.

અરવલ્લી જીલ્લા કલેકટર એમ.નાગરાજન મંગળવારે મોડાસા તાલુકાની ભેરૂંડા પ્રાથમિક શાળામાં મિશન વિદ્યા કાર્યક્રમ અંતર્ગત મુલાકાત લીધી હતી અને શાળાના બાળકો સાથે વાંચન,ગણન અને લેખન ઉપચારાત્મક શિક્ષણ કાર્યક્રમની વિસ્તૃત ચર્ચા કરી હતી. શાળાના બાળકો સાથે સહજતા પૂર્વક શિક્ષકની માફક વર્ગમાં પહોંચી બાળકોને વાંચન,ગણન અને લેખન કાર્ય કરાવ્યું હતું. પ્રિય બાળકો સાથે હોશિયાર બાળકો બેસી જરૂરી નબળા બાળકોને મદદ કરવા શિક્ષકોને જરૂરી સૂચના આપી હતી. જીલ્લા કલેકટરની ભેરૂંડા પ્રાથિમિક શાળાની મુલાકાત સમયે જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી કચેરીના અધિકારીઓ પણ દોડી આવ્યા હતા. ભેરૂંડા ખાતે લીધેલ મુલાકાત દરમિયાન જીલ્લા કલેકટરની સાદગી અને સુલેહભર્યા વર્તનથી બાળકોમાં ઉત્સાહ વર્તાયો હતો.

# હિંમતનગર ખાતે નિલકંઠ સર્જીકલ હોસ્પિટલનું ઉદ્‌ઘાટન



હિંમતનગર, તા. ૩૧

સાબરકાંઠા જિલ્લાના વડામથક હિંમતનગરના હાર્દસમા સિવિલ સર્કલથી બસ સ્ટેન્ડ તરફ જતાં રોડ પર પહેલો માળ, શાકુંતલ ચેમ્બર્સ ખાતે આજરોજ સવારે ૯.૧૫ કલાકે અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ ડૉ. ચેતન કે. પંચાલ તથા ડૉક્ટર ખુશ્બુ સી. પંચાલના અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ નિલકંઠ સર્જીકલ હોસ્પિટલ લેપ્રોસ્કોપીક, યુરોલોજી, એન્ડોસ્કોપી એન્ડ ટ્રોમા સેન્ટરનું સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડાના વરદહસ્તે ઉદ્‌ઘાટન કરી શુભારંભ કરવામાં આવ્યો હતો.

અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ નિલકંઠ સર્જીકલ હોસ્પિટલના ઉદ્‌ઘાટન સમારંભમાં બીએપીએસ સ્વામીનારાયણ મંદિરના સંત કોઠારીસ્વામી તથા કૌશલ્ય મૂર્તિસ્વામી સહિત જિલ્લાના અગ્રણી ડૉકટરો, વેપારીઓ, સ્થાનિક લોકો તથા વિશ્વકર્મા વંશજ પંચાલ સમુદાયના તમામ ગોળના અગ્રણીઓ સહિત જ્ઞાતિબંધુઓ ખુબજ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને ડૉક્ટર ચેતન કે. પંચાલ તથા ખૂશ્બુ સી. પંચાલને આ શુભ પ્રસંગે અભિનંદન સાથે અઢળક શુભેચ્છાઓ પાઠવી હતી.

ડૉ. ચેતન પંચાલે આ શુભ પ્રસંગે જણાવ્યું હતું કે સાબરકાંઠા જિલ્લાના વડા મથક હિંમતનગરના આંગણે શુભારંભ થયેલ અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ નિલકંઠ સર્જિકલ હોસ્પિટલમાં હિંમતનગર સહિત જિલ્લાભરના તથા દૂર દૂરથી આવતા દર્દીઓ માટે અદ્યતન સાધનોથી સજ્જ ઓપરેશન થિયેટર, લેટેસ્ટ થ્રી ચીપ કેમેરા તથા એચ.ડી. મેડીકલ ગ્રેડ મોનીટરથી સજ્જ અદ્યતન સુવિધાઓથી સજ્જ સર્જીકલ હોસ્પિટલ જનરલ વોર્ડ, સેમિ સ્પેશિયલ, સ્પેશિયલ રૂમની સુવિધાઓ છે.

## કેન્દ્રને આદેશ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ફાઈનલ ડ્રાફટમાં નથી. આમાથી ૩૭.૫૯ લાખ નામોનો અસ્વીકાર કરી દેવામાં આવ્યા છે જ્યારે ૨.૮૯ લાખ લોકોના નામ ઉપર કોઈ નિર્ણય કરવામાં આવ્યો નથી. એનઆરસીના ફાઈનલ ડ્રાફટ સોમવારના દિવસે પ્રકાશિત કરવામાં આવ્યા બાદથી ભારે હોબાળો થયેલો છે. દાવા અને આપત્તિઓ માટેની પ્રક્રિયા ૩૦મી ઓગસ્ટથી શરૂ થશે અને આ પ્રક્રિયા ૨૮મી સપ્ટેમ્બર સુધી ચાલશે. એનઆરસીના અધિકારી શૈલેષે આજે કહ્યું હતું કે, ગુવાહાટીમાં ફાઈનલ ડ્રાફટ જારી કરવામાં આવ્યો હતો. આ માત્ર એક ડ્રાફટ છે. અંતિમ લિસ્ટ નથી. જે લોકોના નામ સામલે નથી તે લોકો દાવા અને વાંધાઓ કરી શકે છે. શૈલેષે કહ્યું હતું કે, લોકોને વાંધાઓ રજૂ કરવા પુરતી તક અપાશે.

## સત્તા અપાવી

● અનુસંધાન પહેલાનું ચાલુ

મત આપ્યા હતા. આજે તે લોકોને જ શરણાર્થીઓ બનાવી દેવામાં આવ્યા છે. મમતાએ કહ્યું હતું કે, તેઓ બંગાળમાં આવું થવા દેશે નહીં. એનઆરસીના મુદ્દા ઉપર કોન્સ્ટીટ્યુશન ક્લબ ઓફ ઈન્ડિયામાં બોલતા મમતા બેનર્જીએ કહ્યું હતું કે, આસામમાં અંધાધૂંધી ફેલાયેલી છે. એનઆરસીની સમસ્યા ગંભીર બનેલી છે. આ માત્ર બંગાળી નથી બલ્કે લઘુમતિ છે. બંગાળી છે અને બિહારી છે. ૪૦ લાખથી વધારે લોકોને શાસક પાર્ટી માટે મત આપ્યા હતા પરંતુ આજે એકાએક પોતાના દેશમાં તેમને શરણાર્થી બનાવી દેવામાં આવ્યા છે. મમતાએ કહ્યું હતુંકે, તેઓ માત્ર ભૂમિની આવી હાલત જોવાની સ્થિતિમાં નથી. માત્ર ભૂમિનું વિભાજન થાય તે તેઓ જોઈ શકવાની સ્થિતિમાં નથી. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રીએ કહ્યું હતુ કે, અમે બંગાળમાં આવુ થવા દઈશું નહીં. આજે પણ આ લોકો વોટ કરી શકતા નથી.

## વલણ સ્પષ્ટ કરે

● અનુસંધાન પહેલાનું ચાલુ

છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે, તેઓ ભારતીય નહીં બલ્કે ઘુસણખોરો છે. જો કે, શાહે એમ પણ કહ્યું હતું કે, જે લોકોના નામ યાદીમાં નથી તે લોકો વાંધાઓ રજૂ કરી શકે છે. અમિત શાહે આક્ષેપ કરતા કહ્યું હતું કે, વિરોધ પક્ષો અનેક પ્રકારના ભ્રમ ફેલાવી રહ્યા છે જ્યારે વાસ્તવિકતા અલગ છે. આ પહેલા શાહના નિવેદન ઉપર રાજ્યસભામાં વિપક્ષના સાંસદોએ જોરદાર હોબાળો મચાવ્યો હતો જેના પરિણામ સ્વરુપે કાર્યવાહી મોકૂફ કરવાની ફરજ પડી હતી.

## મળવા તૈયાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

'કંઈપણ અર્થપૂર્ણ કરી શકીએ તો હું જરૂરથી મળીશ,' તેમ ટ્રમ્પે જણાવ્યું હતું. ટ્રમ્પે તેમને પૂછાયેલા સવાલના જવાબમાં આમ જણાવ્યું હતું. યુએસના રાષ્ટ્રપ્રમુખે વધુમાં ઉમેર્યું હતું કે જો ઈરાન ઈચ્છે તો તેઓ કોઈપણ પૂર્વશરત વગર મળવા તૈયાર છે. તેમના માટે અમારા માટે અને સમગ્ર વિશ્વના હિતમાં જો હશે તો જરૂર તેમના સમય મુજબ મળીશું તેમ ટ્રમ્પે ઉમેર્યું હતું.

યુએસ અને ઈટાલીના વડાની બેઠકમાં ઈરાન વિશે પણ ચર્ચા થઈ હતી. ઈરાનને પરમાણુ હથિયારોની મંજૂરી ના આપવી જોઈએ તેવી સહમતિ પર અમે આવ્યા હતા તેમ ટ્રમ્પે જણાવ્યું હતું. અમે તમામ રાષ્ટ્રોને પ્રેરિત કરીશું જેથી તે ઈરાનને પરમાણુ હથિયારોનો નાશ કરવા દબાણ કરી શકે. આ અભિયાનમાં ટ્રમ્પે ઈટાલીના સહકારને આવકાર્યો હતો.

## ખાત્મો કરીએ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ન્યુ ગાંધીનગર વિસ્તાર વિકાસ મંડળ અને જિલ્લા મેલેરિયા તંત્રના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ એક રાત્રિસભામાં ડૉ. શાહુએ મેલેરિયા અને ડેન્ગ્યુના નોટીફીકેશનની મહત્વની કલમો વિશેની જાણકારી આપી હતી.

આ રાત્રિસભામાં રાજ્યના એન્ટો મોલોજીસ્ટ ડૉ. જ્યોર્જ કુરિયને પણ મેલેરિયા વિશેની જાણકારી આપી કહ્યુ હતુ કે સમયસરની સારવાર મહત્વની છે. તેમણે રાજ્ય સરકારે વાહકજન્ય રોગચાળા માટે શરૂ કરેલ ''૧૦૪''ની સેવાનો ઉલ્લેખ કરી જણાવ્યુ હતુ કે તાવ આવે તો આ નંબર પર ફોન કરો તુરત જ અર્થાત ગણતરીના કલાકોમાં તમારી પાસે આરોગ્યનો કર્મચારી આવી પહોંચશે.

આ રાત્રિસભામાં કુડાસણ પંથકની જ વિવિધ સોસાયટીઓમાંથી મળી આવેલા મચ્છરોના બ્રિડીંગ અને તેના ફોટોગ્રાફ્સ સાથેનું રસપ્રદ પ્રેઝેન્ટેશન જિલ્લા મેલેરિયા અધિકારી મમતાબેન દત્તાણીએ રજુ કર્યુ હતુ. જે જોઈને રહીશો ચોંકી ઉઠ્યા હતા. તેમણે મચ્છરોની ઉત્પત્તિના કેન્દ્રો તેમજ મચ્છરની ઉત્પત્તિને અટકાવવા સહિતના વિવિધ પગલાંઓની વિસ્તૃત સમજ આપી હતી.

તેમણે જણાવ્યુ હતુ કે જિલ્લામાં ૨૪૮ જેટલી કન્સ્ટ્રક્શન સાઈટો ચાલે છે તે પૈકી ૮૯ સાઈટો માત્ર સુઘડ પી.એચ.સી. વિસ્તારમાં જ આવેલી છે. ૨૯૧ સોસાયટીઓ આ વિસ્તારમાં આવેલી છે. વિસ્તાર મોટો છે ત્યારે આપણે જાગૃત નાગરિક તરીકેની ફરજો પણ પુરી જાગૃતિ સાથે બજાવવી જોઈએ.

જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી ડૉ. એમ.બી. સોલંકીએ પણ ટુંકુ પ્રવચનમાં કાનમ્ સહિતના વિસ્તારોની તેમણે લીધેલી મુલાકાતને યાદ કરી વાહકજન્ય રોગચાળો તેમજ પાણીજન્ય રોગચાળો ઉભો ના થાય તે માટે સૌને જાગૃત રહેવા અપીલ કરી હતી.

આ રાત્રિ સભામાં ગુજરાત સરકારના સિનીયર મેલેરિયા અધિકારી ડૉ. પી.જે. ઓઝા પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. રાત્રિસભાને સંબોધતાં રાધે હોસ્પિટલના ડૉ. પ્રકાશભાઈએ ડેન્ગ્યુ કે મેલેરિયામાં સમયસર સારવારનું મહત્વ સમજાવ્યુ હતુ.

ન્યુ ગાંધીનગર વિસ્તાર વિકાસ મંડળના વાસુદેવભાઈ પટેલે સૌને આવકારી ઝીણવટભરી વિગતો સાથે જાગૃત્તિની કરેલી વાતને વધાવી હતી એટલુ જ નહિ તમામ પ્રકારનો સહયોગ રહીશો અને તંત્રને આ વિસ્તાર વિકાસ મંડળ તરફથી આપવાની ખાતરી આપી હતી.

આ રાત્રિસભામાં શહેરી મેલેરિયા તંત્રના એન.આઈ. પટેલ, જિલ્લા મેલેરિયાતંત્રની સમગ્ર ટીમ તેમજ આરોગ્યના અધિકારીઓ ઉપરાંત રહીશો મોટી સંખ્યામાં જોડાયા હતા.

ન્યુ ગાંધીનગર એ ડેન્ગ્યુ તેમજ મેલેરિયા માટે અતિસંવેદનશીલ વિસ્તાર બનતાં આ રાત્રિસભાનું આયોજન કરાયુ હતુ.

## વેકેશન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. જ્યારે દિવાળી વેકેશન તા. ૫ નવેમ્બર થી ૧૮ નવેમ્બર સુધીનું રહેશે. દિવાળી વેકશનમાંથી

સરકારે સાત દિવસ ઓછા કર્યા હતા અને નવરાત્રિ વેકેશનનું એડજસ્ટમેન્ટ કર્યું હતું. નોંધનીય છે કે, શનિવારના રોજ રાજ્યકક્ષાના શિક્ષણમંત્રી વિભાવરીબેન દવેએ ઉતાવળે જાહેર કરેલી નવરાત્રિની તારીખો બદલવાનો ખુલાસો આજે શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાને કરવો પડ્યો હતો. આ પહેલા ગુજરાતની શાળા કોલેજીસમાં નવરાત્રિના વેકેશન અંગે વિભાવરીબેન દવેએ જાહેરાત તો કરી દીધી, પરંતુ તેમાં અનેક વિસંગતતાઓ અને વિવાદો સર્જાયા હતા.

ખાસ કરીને રાજ્યના મોટાભાગના ખાનગી શાળા સંચાલકોએ નવરાત્રિ વેકેશનનો વિરોધ કર્યો છે. તો બીજી બાજુ ધોરણ ૯થી ૧૨ના વિદ્યાર્થીઓના વાલીઓ પણ વિરોધ કરી રહ્યા હતા, એક બાજુ સરકારે પરીક્ષાની તારીખો જાહેર કરી હતી અને તે જ સમયે વેકેશન પણ આપવામાં આવ્યું હતું. આ પહેલા માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા જાહેર કરવામાં આવેલા એકેડેમિક કેલેન્ડરમાં તારીખ ૧૯ ઓક્ટોબરથી ૩૦ ઓક્ટોબર સુધી ધોરણ ૯થી ૧૨ની પ્રથમ કસોટી જાહેર કરવામાં આવી હતી. પરંતુ વિભાવરીબેન દવેએ નવરાત્રિ દરમિયાન તા. ૧૫ ઓક્ટોબરથી ૨૧ ઓક્ટોબર સુધી વેકેશનની જાહેરાત કરી હતી. રાજયભરમાં ઉઠેલા વિવાદ અને મચેલા ઉહાપોહ બાદ આખરે આજે શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ નવરાત્રિ વેકેશન તા.૧૫થી ૨૧ ઓક્ટોબરને બદલે તા.૧૦થી ૧૭ ઓક્ટોબર કરવાની જાહેરાત કરી વિવાદ શાંત પાડયો હતો.

## ભાર મુક્યો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્રિય બાળકોને પુછ્યો હતો એટલુ જ નહિ ચાલો ભણીએ તેવુ શિક્ષક કહે છે કે તમે સાહેબને કહો છો કે સાહેબ અમને ભણાવો ? બાળકો સાથે રસપ્રદ વાતો કરી તેમના મનમાં રહેલા ડરને પણ તેમણે સાહજિકતાથી દૂર કર્યો હતો.

જોકે તેઓ ૧૩૮ વર્ષની જુની શાળાના પરીક્ષણમાં નિરાશ જરૂર થયા હતા.

બીજી તરફ કલોલ શહેરમાં મિશન વિદ્યા અંતર્ગત પહોંચેલા મુખ્યમંત્રીના સચિવ અશ્વિનીકુમારે શિક્ષણમાં નવી ટેકનોલોજીનો સમન્વય સાધી અને બાળકના મન સુધી પહોંચવા જણાવ્યુ હતુ. તેમણે કહ્યુ કે નબળા વિદ્યાર્થીઓને અલગ બેસાડી અને ઉપચારાત્મક કાર્ય થાય એ જરૂરી છે જેથી અન્ય વિદ્યાર્થીના અભ્યાસ પર અસર ના થાય.

જિલ્લા વિકાસ અધિકારી હિતેશ કોયા દહેગામ પહોંચ્યા હતા અને તેમણે દહેગામના પ્રિય બાળકોને મિનીમમ્ લર્નિંગ લેવલ સુધી લઈ જવા માટે શિક્ષકોને સૂચવ્યુ હતુ. તેમણે બાળકોની સર્જનાત્મકતાનો સમન્વય કરી શિક્ષણમાં તેનો સમન્વય કરવા પર ભાર મુક્યો હતો.